જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલીફોન નંબર ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૦૯/૦૩/૨૦૧૬ બુધવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૪૫૩/૧૬**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૨૩ કેસ કરી ૧૭ વ્યક્તિઓને ઝડપી ૧૦ લીટર દેશી દારૂ, ૧૨ બોટલ ઈંગ્લીશ દારૂ, ૫૦ ક્વૉટર ઈંગ્લીશ દારૂ અને ૦૧ રીક્ષા કબજે કરી હતી. તેમજ જુગારધારા મુજબ ૦૧ કેસ કરી ૦૧ વ્યક્તિને ઝડપી રોકડ રૂપિયા ૧૭૪૦/- અને જુગારનાં સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલાં હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૪૫૪/૧૬**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલાં હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૧૧૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી તેમજ પ્રોહી.૯૩ મુજબ ૧૦ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૦૨ વ્યક્તિની અટકાયત કરી હતી.

**દુષ્પ્રેરણની ફરીયાદઃ-** **સમાચાર યાદી નં.૪૫૫/૧૬**

**સાબરમતી :** રામકિશોર મોતીલાલ બઘેલ (રહે.ગામ: પરા, તા.અટેર, જી.ભીંડ, મધ્યપ્રદેશ) એ તા.૮/૩/૧૬ નારોજ સાબરમતી પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે પોતાની પુત્રી પ્રીતીબહેન ઉમેશભાઇ ને તેના પતિ ઉમેશ મુનશીસિંગ તેમજ સસરીયાઓએ ભેગામળી શારીરીક તેમજ માનશીક ત્રાસ આપતા હોઈ પ્રીતીબહેને તા.૬/૩/૧૬ નારોજ ન્યુ રાણીપ સરસસ્વતીનગર વિભાગ-૩ ખાતે ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ ગુનાની તપાસ મ.પો.કમિ.શ્રી “એલ” ડીવીઝન નાઓ ચલાવે છે.

**ઘરફોડઃ-** **સમાચાર યાદી નં.૪૫૬/૧૬**

**મણીનગર :** નલીનભાઇ રતિલાલ પરીખ (ઉ.વ.૭૭)(રહે.મનોરથ બંગ્લોઝ, રાજેન્દ્ર સોસાયટી નજીક, જવાહરચોક ચાર રસ્તા, મણીનગર) એ મણીનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૮/૩/૧૬ સવારના ૧૧/૩૦ થી બપોરના ૧૨/૩૦ વાગ્યા દરમ્યાન પોતાના ઘરનાં દરવાજાનુ તાળુ તોડી, અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી કબાટમાંથી સોના-ચાંદીનાં દાગીના કિંમત રૂપિયા ૮૭,૦૦૦/- મતાની ચોરી કરી લઇ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી કે.વી.બારીયા ચલાવે છે.

**વસ્ત્રાપુર :** મનનભાઇ ગીરીશભાઇ પટેલ (રહે.સુર્યવન એપાર્ટમેન્ટ, ગોરમો હોટલની બાજુમાં, જજીસ બંગ્લા રોડ, વસ્ત્રાપુર) એ વસ્ત્રાપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૮/૩/૧૬ સવારના ૧૧/૩૦ થી સાંજના ૬/૫૦ વાગ્યા દરમ્યાન પોતાના ઘરનાં દરવાજાનો નકુચો તોડી, અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી, ચાંદીનાં સિક્કા, હાથીદાંતની સોનાની પટ્ટીવાળી ચુડી અને રોકડ રૂપિયા ૨૭,૦૦૦/- મળી કુલ રૂપિયા ૬૯,૦૦૦/-મતાની ચોરી કરી લઇ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એમ.એસ.બોદર ચલાવે છે.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

**<u>સોનાની ચેઈન ખેંચી તોડી લઈ ગયાઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૪૫૭/૧૬</u>**

**દાણીલીમડા :** કિર્તીકુમાર રમેશચંદ્ર (રહે.આર્યનગર સોસાયટી, મ્યુનિસિપલ સર્વેન્ટ સોસાયટી નજીક, કાંકરીયા) તા.૫/૦૩/૧૫ રાતના ૮/૩૦ થી ૮/૪૫ વાગ્યા દરમ્યાન દાણીલીમડા વૈકુંઠધામ મંદિર નજીકથી પસાર થઈ રહ્યા હતા ત્યારે એક પલ્સર મોટર સાયકલ ઉપર આવેલ બે પુરૂષ કિર્તીકુમારની પત્નીનાં ગળામાંથી સોનાનું મંગળસુત્ર કિમત રૂપિયા ૫૦,૦૦૦/- ખેચી તોડી લઈ નાસી ગયા હતા. આ અંગેની ફરીયાદ કિર્તીકુમારે તા.૮/૩/૧૬ નારોજ દાણીલીમડા પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી આર.એમ.વસાવા ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)